પરીપત્ર

નં.મકમ/પરિપત્ર/૧૪-૧૫/૧૮-૨૬
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજય, બ્લોક નં.૧૬,
ર્ડા જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય,ગાંધીનગર.
તા. ૧૫-૫-૨૦૧૪

આથી વડી કચેરી ગાંધીનગર ખાતે ફરજો બજાવતાં સર્વે કર્મચારીઓને/અધિકારીઓને આજ્ઞાનુસાર જણાવવાનું કે,કોઇપણ કર્મચારીએ હક્કરજા ઉપર જતાં પહેલાં નિયમ મુજબ ૧૫ દિવસ અગાઉ નિયત ફોર્મમાં અરજી કરી મંજુર કરાવીને જ રજા પર જવાનું હોય છે.પરંતુ મોટાભાગના કર્મચારીઓ દ્વારા રજા પર જવાના દિવસે કે તેના ત્રણ દિવસ પહેલા માત્ર રજા રીપોર્ટ રજાના નિયત ફોર્મ વગર મુકીને રજા પર જતા રહે છે. તેવું ધ્યાને આવેલ છે. તે જ રીતે રૂપાંતરીત રજા પણ રજા રીપોર્ટ મુકે તો તેના સાથે મેડીકલ સર્ટી મુકવાને અને હાજર થતા ફીટનેસ સર્ટી રજુ કરવાનું હોય છે.તેના બદલે માત્ર રજા રીપોર્ટ મોકલી દેવામાં આવે છે.જે યોગ્ય નથી.આથી વડી કચેરી ગાંધીનગર ખાતે ફરજો બજાવતાં તમામ કર્મચારીઓ/અધિકારીઓને જણાવવાનું કે હક્ક રજા પર જતા પહેલા નિયમોનુંસાર ૧૫ દિવસ અગાઉ રજા રીપોર્ટને નિયત અરજી ફોર્મ ભરીને રજા મંજુર કરાવીને જવા તથા રૂપાંતરીત રજા માટે માંદગીમાં મેડીકલ સર્ટી-અરજી ફોર્મ સાથે રજા રીપોર્ટ મોકલી આપવા જણાવવામાં આવે છે.

નિયામક,
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજય,ગાંધીનગર.

<u>પ્રતિ:-</u>વડી કચેરીના સર્વે શાખાના વડાઓને જાણ તેમજ કર્મચારીઓને જાણ તથા અમલ કરવા સારૂં.